# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-02-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ભારત વૈશ્વિક ચર્ચાઓના નેતૃત્વમા- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે કહ્યું કે ભારત ફક્ત વૈશ્વિક ભવિષ્ય વિશેની ચર્ચાઓના કેન્દ્રમાં જ નથી, પરંતુ આ ચર્ચાઓનું નેતૃત્વ પણ કરી રહ્યું છે. દિલ્હીમાં એક મીડિયા હાઉસ દ્વારા આયોજિત સમિટને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ભારતે વૈશ્વિક સ્તરે એક એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે જે તેણે પહેલાં ક્યારેય મેળવ્યું ન હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત 2014 થી ઝડપી વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે વૈશ્વિક મંચ પર ભારતનો વિશ્વાસ પહેલા કરતાં વધુ મજબૂત છે.

---------------------------------------------------------------------------------------

## ભાગદોડ-નવી દિલ્હી રેલ્વે સ્ટેશન:

દિલ્હીના નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ગઇકાલે સાંજે ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેમાં 10 થી વધુ લોકો ઘાયલ થયા હતા, જ્યારે કેટલાકના મોતની આશંકા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રેલ્વે મંત્રી શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મુસાફરોના અચાનક ધસારાને કારણે આ ઘટના બની હતી. તેમણે કહ્યું કે ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા કહ્યું કે  તેઓ ભાગદોડથી દુઃખી છે અને તેમના પ્રિયજનો ગુમાવનારાઓ સાથે તેમની સંવેદના છે.

---------------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી:

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે આજે હવે ગણતરીની ઘડીઓમાં મતદાનનો આરંભ થશે.સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. રાજ્યમાં જૂનાગઢ મહાનગર પાલિકા, ત્રણ જિલ્લા પંચાયતો, 66 નગર પાલિકાઓની સામાન્ય ઉપરાંત કેટલીક નગર પાલિકા અને પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે.

કચ્છમાં ભચાઉ અને રાપર નગર પાલિકાઓમાં સામાન્ય ચૂંટણી યોજાશે. ભચાઉ માં 7 વોર્ડની 28 બેઠકો પૈકી ભાજપે 17 બેઠકો બિન હરીફ જીતી લઈ બહુમતી મેળવી લીધી છે. બાકીની 11 બેઠકો માટે મતદાન થશે, જ્યારે રાપરમાં 7 વોર્ડની 28 બેઠકો માટે મતદાન હાથ ધરાશે. ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર વચ્ચે જંગ ખેલાશે. કચ્છમાં મુંદ્રાની મોટી ભુજપુર, ભચાઉની લાકડીયા અને માંડવી તાલુકાની દરસડીની એક એક બેઠક માટે પેટા ચૂંટણી યોજાઈ રહી છે. આજે મતદાન પછી 18 મીએ મતગણતરી હાથ ધરાશે.

---

## કોટેશ્વર ખાતે રામ કથાનું આયોજન:

કચ્છનાં પ્રસિદ્ધ તીર્થધામ કોટેશ્વર ખાતે જાણીતા રામાયણ કથાકાર મોરારી બાપુએ રામકથાનો પ્રારંભ કરાવ્યો હતો. કચ્છમાં તેમની આ 35 મી કથા યોજાઈ રહી છે અને આગામી 36 મી રામકથા માધાપર ખાતે યોજવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. આજે હનુમાનજી મહારાજનું આવાહન કરી રામચરિત માનસની ભૂમિકા સમજાવી હતી આ કથા 23 મી સુધી ચાલશે.

---

## માતૃભાષા મહોત્સવ-2025:

આગામી 21મી ફેબ્રુઆરીના વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે `માતૃભાષા મહોત્સવ-2025' અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર અને સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટયૂટ-ભુજના સંયુક્ત ઉપક્રમે તા. 18 ફેબ્રુઆરી 2025 મંગળવારે સવારે 11 વાગ્યે સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટયૂટ ખાતે કચ્છી ભાષા સંવર્ધન માટે કચ્છી વક્તાઓનું વ્યાખ્યાન યોજાશે. આ કાર્યક્રમમાં કચ્છ

યુનિવર્સિટીના આઈક્યુએસી ડાયરેક્ટર અને અંગ્રેજી વિભાગના પ્રો. ડો. કાશ્મીરાબેન મહેતા `કચ્છી માતૃભાષામાં માતૃભૂમિને વંદન કરતું પદ્ય સાહિત્ય' તેમજ જયંતી જોષી `શબાબ', `પ્રકમા, કચ્છી કાવ-કુંભજી!' આ વિષય પર વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિ ડો. મોહન પટેલ  સહિત વિવિધ સામાજીક, રાજકીય અને શિક્ષણ સાથે જોડાયેલા તજજ્ઞો ઉપસ્થિત રહેશે.

--------------------------------------------------------------------------------

## મહેશ્વરી સમાજના ઈસ્ટદેવની જન્મ જયંતી:

મહેશ્વરી સમાજના ઈષ્ટદેવ  ધણીમાતંગ દેવની 1272મી જન્મ જયંતીની ગઇકાલે કચ્છભરમાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીધામ, ભુજ સહિત વિવિધ સ્થળોએ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. ગઇકાલે સાંજે શોભયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાનકથન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આજે જિલ્લામાં વિવિધ સ્થળોએ  બારમતી પંથ  અને સમુહ પ્રસાદ સાથે  માઘસ્નાન વ્રતની પુર્ણાહુતિ થશે.

--------------------------------------------------------------------------------

## રેરા વેબ પોર્ટલનો શુભારંભ:

ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ માટેનાં રેરા ટ્રિબ્યુનલની કાર્યવાહી હવે ઓનલાઈન થશે. આ માટેના great.gujarat.gov.in વેબ પોર્ટલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં શુભારંભ કર્યો. આ વેબ પોર્ટલના માધ્યમથી અપીલ ફાઇલિંગ અને નોંધણી, ફી અને ડિપોઝિટની ઓનલાઈન ચુકવણી, અપીલની ચકાસણી અને પ્રશ્નોનું સમાધાન, હદ-ગણતરી અને વિલંબિત માફી માટેની અરજી સહિતની 17 કામગીરી ઓનલાઈન થશે.

--------------------------------------------------------------------------------